# શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સંઘના પેટાનિયમ સુધારા

| પેટા નિયમ નંબર | હાલ નો પેટાનિયમ | સુધારા બાદ પેટા નિયમ | સુધારા ના કારણો |
|---|---|---|---|
| ૬.૨ | સંઘનું અધિકૃત શેર ભંડોળ રૂા.૧,૦૦,૦૦,૦૦૦ અંકે રૂપિયા એક કરોડ રહેશે અને તે રૂા.૧૦૦૦/– (એક હજાર પૂરા) દરેક શેરથી કુલ ૧૦,૦૦૦ શેરો કાઢીને ઉભું કરવામાં આવશે. માંગણી કરેલ શેરની પૂરેપૂરી રકમ શેરની અરજી કરતી વખતે શેર અરજી સાથે ભરવાની રહેશે. | સંઘનું અધિકૃત શેર ભંડોળ રૂા. ૨,૦૦,૦૦,૦૦૦ અંકે રૂપિયા બે કરોડ રહેશે અને તે રૂા.૧૦૦૦/– (એક હજાર પૂરા) દરેક શેરથી કુલ ૨૦,૦૦૦ શેરો કાઢીને ઉભું કરવામાં આવશે. માંગણી કરેલ શેરની પૂરેપૂરી રકમ શેરની અરજી કરતી વખતે શેર અરજી સાથે ભરવાની રહેશે. | દૂધ સંઘ ની નવી સભ્ય મંડળીઓ પાસેથી શેર ભંડોળ એકત્રિત કરવા તેમજ દૂધ સંઘ ના વિકાસ માટે મંડળીઓને ડીવીડન્ડ પેટે વધુ નાણાચૂકવી શકાય તે હેતુ થી સુધારો કરવો જરૂરી બનેલ છે. |
| ૧૭.૧.૧ (૧) | સભાસદ મંડળીઓના અધિકૃત પ્રતિનિધિ (મહીલા મંડળીઓ સીવાય) માંથી દરેક તાલુકા દીઠ દર ૨૫ સભાસદ મંડળીએ એક પ્રતિનિધિ પરંતુ બે થી વધારે નહી. દરેક તાલુકાનું અલગ મતદાર મંડળ રહેશે. | સભાસદ મંડળીઓના અધિકૃત પ્રતિનિધિ માંથી દરેક તાલુકા દીઠ દર ૨૫ સભાસદ મંડળીએ એક પ્રતિનિધિ પરંતુ બે થી વધારે નહી. દરેક તાલુકાનું અલગ મતદાર મંડળ રહેશે. | પેટા નિયમ માં મહિલા મંડળીઓ ને પ્રતિનિધિત્વ કરવા પર અંકુશ દુર કરવો જરૂરી હોય. |
| ૨૦.૧.૪ | મંડળીએ અગાઉના વર્ષમાં ઓછામાં ઓછા ૨૫૦ દિવસ સંઘમાં દૂધ મોકલ્યું હોવું જોઈએ અને અગાઉના વર્ષમાં દરરોજ ઓછામાં ઓછું દૈનિક ૧૦૦ લિટર દૂધ પણ મોકલ્યું હોવું જોઈએ. | કુદરતી આફતો સિવાય, મંડળીએ અગાઉના વર્ષમાં ઓછામાં ઓછા ૨૫૦ દિવસ સંઘમાં દૂધ મોકલ્યું હોવું જોઈએ અને અગાઉના વર્ષમાં દરરોજ ઓછામાં ઓછું દૈનિક ૨૦૦ લિટર દૂધ પણ મોકલ્યું હોવું જોઈએ. | પેટા નિયમ ની કલમ ૨૦.૧.૫ માં આપેલ કુદરતી આફતો - ખાસ કરીને દુષ્કાળ ના સમયે – છૂટછાટ નો લાભ આપવા તેમજ કલમ ૭.૧ – સભાસદ ની લાયકાત ને સુસંગત નિયમો બનાવવા |